# નોબત સંગત

**મોટી મોટી સલ્તનતો ઉથલી ગઈ, તાનાશાહો તબાહ થઈ ગયા, પણ મનોવૃત્તિ ન ગઈ**

## ‘સત્યની કસોટી થાય, પણ અસત્યનો તો પરાભવ જ થાય...’ એવી માન્યતા સત્ય છે?

આપણા રાષ્ટ્રીય પ્રતીકો, મોટી શૈક્ષણિક સંસ્થાઓ, કેટલાક મહત્ત્વપૂર્ણ પુસ્તકો તથા દસ્તાવેજોમાં પણ એક સૂત્ર લખેલું હોય છે, અને તેમાંથી એક ગહન સંદેશ પણ નીકળતો હોય છે, પરંતુ કમભાગ્યે તે વાચનાર, લખનાર અને લખાવનાર પૈકી ગણ્યાગાંઠ્યા લોકો જ આ સંદેશને ઝીલી શકતા હોય છે કે જીવી શકતા હોય છે. મોટાભાગે ‘સત્ય મેવ જયતે’નો પ્રયોગ પરંપરાગત રીતે જ થતો રહ્યો છે. ગાંધીજીનું સત્ય હોય કે સત્યવાદી રાજા હરિશ્ચંદ્રનો વારસો સત્યની સરિતા તરીકે વહેતો હોય, હંમેશાં સત્યનો મહિમા ગવાતો રહ્યો છે, પરંતુ અસત્યનું આવરણ પણ વધતુ રહ્યું છે.

### આભાસી સત્ય ટકતું નથી

સત્યને ઢાંકી શકાય, દબાવી શકાય, કસોટીએ ચડાવી શકાય, પરંતુ સત્યને કાયમી ધોરણે ક્યારેય ફગાવી શકાતું નથી એ સનાતન સત્ય છે, તેવું માનનારા કેટલા? સત્યની સાચવણી માટે સર્વસ્વ સ્વાહા કરી દેવાની તૈયારી કેટલાની?

ઘણાં લોકો સત્યનો સ્વીકાર કરવા તૈયાર જ હોતા નથી અને પોતાનો કક્કો ખરો કરવા માટે આભાસી સત્ય ઊભું કરી દેતા હોય છે. આ પ્રકારનું આભાસી સત્ય લાંબુ ટકતું નથી અને આભાસી સત્યની આડસમાં અયોગ્ય, અનૈતિક, અવ્યવહારૂ કે અસત્ય આચરણ કરનારા અવળચંડાઓનું અસ્તિત્વ પણ રહેતું નથી, અને તેના ઈતિહાસમાં ઘણાં દાખલા છે.

### કથાકારો દ્વારા બોધપાઠ

આપણાં દેશમાં દરરોજ હજારો કથાકારો શ્રીમદ્ ભાગવત, રામકથા, રામાયણ, સત્યનારાયણની કથા, દેવી કથા સહિતની કથાઓ કરે છે, જેને લાખો કે કરોડો લોકો રોજ-બ-રોજ સાંભળતા હોય છે.

આ કથાઓ પ્રત્યક્ષ સાંભળવી અને સતત સાંભળવી અત્યારે દુર્લભ છે, કારણ કે જેમણે કથા બેસાડી હોય, તે યજમાન પણ વ્યવસ્થાઓ કરવા તથા આમંત્રિતોને સત્કારવામાં વ્યસ્ત રહેવાથી સતત કથા ભાગ્યે જ સાંભળી શકતા હોય છે, અને કથાઓમાં હાજરી આપવા આવતા આમંત્રિતો મર્યાદિત સમય લઈને આવતા હોય છે. આમ છતાં આ કથાઓને સતત અને પૂરેપૂરી સાંભળનારો એક વર્ગ પણ હોય જ છે. તે ઉપરાંત શ્રીમદ્ ભાગવદ્ ગીતા અને કીર્તનભક્તિ, સંતવાણી, ભજનો અને લોકડાયરાઓના માધ્યમથી પણ સારૂ જીવન જીવવાનો સંદેશ અપાતો હોય છે.

### સોશ્યલ મીડિયા

આપણે હવે તો હજારો વીડિયોઝ યુટ્યુબ મારફતે પણ સાંભળતા હોઈએ છીએ, જેમાં આ પ્રકારની તમામ કથાઓ તથા ગીત-સંગીત અને બોધપાઠ, ફિલોસોફી તથા માર્ગદર્શન વગેરે મેળવતા હોઈએ છીએ. સોશ્યલ મીડિયાના વિવિધ માધ્યમોથી આપણે વિવિધ ધર્મ-સંપ્રદાયોના ધર્મગુરુઓ, વક્તાઓ તથા વિદ્વાનોના પ્રવચનોનો લાભ પણ લેતા હોઈએ છીએ.

### અનુકૂળ હોય એ આપણું

આપણે અનુકૂળ હોય તે આપણું અને જે અનુકૂળ ન આવે તે બીજા પર ઢોળી દેવાની ઘણા લોકોની પરંપરાગત મનોવૃત્તિ હોય છે. આપણે રામાયણ, ભાગવત કે મહાભારત ભગવદ્ ગીતા જેવા ગ્રન્થોમાંથી બોધપાઠ તો ઘણો જ મળતો હોય છે, પરંતુ તેમાંથી આપણને જેટલું અનુકૂળ આવતું હોય, તેટલું જ ગ્રહણ કરવાની મનોવૃત્તિ હોય, તો પણ કાંઈક તો ફળદાયી બની જ શકે, પરંતુ હવે તો આ પ્રકારનું શ્રવણ કર્યા પછી તેનું મનન કરવા કે તેને યાદ રાખવાનો સમય પણ આપણી પાસે હોતો નથી, તેના કારણે જ આપણે માત્ર ને માત્ર ઉપદેશિયા સંદેશવાહક જેવા જ બની જતા હોઈએ છીએ, ખરૂ ને?

### આત્મચિંતનની જરૂર

આપણે બાળપણમાં સમજણ થયા પછી અત્યાર સુધીમાં ઘણું બધું સાંભળતા, વાચતા અને અનુભવતા હોઈએ છીએ, અને તેના આધારે કેટલીક માન્યતાઓ ધરાવતા હોઈએ છીએ. કોણે કેવું વર્તન રાખવું જોઈએ, કઈ વ્યક્તિ સાથે કેવો વ્યવહાર કે વર્તન રાખવું જોઈએ, કોનાથી દૂર રહેવું જોઈએ, કોનાથી નજીક રહેવું જોઈએ, ક્યા સમયે કેવું વલણ ધરાવવું જોઈએ, વગેરે વિવિધ પ્રકારની માન્યતાઓ અથવા અવધારણાઓ આપણે બાંધી લેતા હોઈએ છીએ, અને બીજા લોકોએ આપણી સાથે કેવી રીતે વર્તવું જોઈએ, તેની સ્વયંભૂ અપેક્ષાઓ પણ રાખવા લાગતા હોઈએ છીએ, પરંતુ આપણી એ તમામ પ્રકારની માન્યતાઓ કે અપેક્ષાઓના સંદર્ભે જ્યારે પોતાના વ્યવહારોમાં તફાવત આવે, ત્યારે સમજી લેવું કે હવે આપણે આત્મચિંતન વધારવાની જરૂર છે, ટૂંકમાં કે જે આપણે જે ગમતું ન હોય, તેવો વ્યવહાર આપણે બીજા સાથે વધારે પડતો કરવા લાગીએ, ત્યારે સમજી લેવું કે આપણામાં જ ક્યાંક ખોટ છે અને આપણે હજુ વધુ ગહન આત્મચિંતન કરવાની જરૂર છે.

આપણી બુદ્ધિના પ્રભાવ હેઠળ આપણે ખબર પડતી નથી, પરંતુ આ પ્રકારનું આત્મચિંતન આપણું અંતરમન કરતું જ રહેતું હોય છે, પરંતુ આપણે અંતરાત્માનો એ અવાજ આપણી જ બુદ્ધિની ચાલાકી હેઠળ દબાઈ જતો હોય છે, તેવી અનુભૂતિ બધાને થતી જ હશે.

### સદ્બોધની ઠેકડી ક્યારેય ન ઊડાડો

કોઈપણ ધર્મના કોઈપણ માનવતાલક્ષી અને સારા જીવનનું પથદર્શન કરતા સદ્બોધની તો ક્યારેય અવગણના કે અયોગ્ય રીતે આલોચના ન જ કરવી જોઈએ, પરંતુ કોઈપણ પ્રકારના અન્ય માર્ગે પણ સારી અને સાચી સલાહ અપાતી હોય, સારા શબ્દો અને વાક્યોના માધ્યમથી જીવનલક્ષી માર્ગદર્શન અપાતું હોય કે સુવાક્યો, સુભાષિતો, સદ્વિચારો કે સારા સૂત્રોની મજાક તો કોઈપણ સંજોગોમાં ન ઊડાવવી જોઈએ. આ પ્રકારની ઠેકડી એવા જ લોકો ઊડાવતા હોય છે, જેઓ ખુદ અજ્ઞાત, અલ્પજ્ઞાન, દંભી, ઉદ્દંડ કે અણસમજુ હોય છે.

### અસત્યની પરાભવ જ થાય

અસત્યનો પ્રભાવ ગમે તેટલો વધે, સત્યની આડે ગમે તેટલા આવરણો આવી જાય અને અસત્ય જ સારૂં લાગવા લાગે, પરંતુ અંતે તો અસત્યનો પરાજય જ થતો હોય છે, અને સત્યનું આચરણ કરનાર સામે હજારો વિપત્તિઓ આવે, તો પણ અડગ રહે, તો તેને અંતે જે ફળ મળે છે, તે અજ્ઞાનીઓ સાત જન્મેય મેળવી શકતા હોતા નથી. સત્યની કસોટી થાય, પણ અંતે તો સત્યનો જ વિજય થતો હોય છે, અને સત્યનો પરાજય જ હંમેશાં થતો હોય છે, એ જ સનાતન સત્ય છે. આ એવું તથ્ય છે, જે દરેક ધર્મ-સંપ્રદાયોના હાર્દમાં રહેલું છે. ઘણાં લોકો મશ્કરી ઊડાવતા હોય છે કે સત્યની કસોટી થાય, પરંતુ અસત્યનો તો પરાભવ જ થાય, તેવી માન્યતા ‘સત્ય’ છે? હવે સત્યમાંથી પણ સત્ય શોધવાની આ ચેષ્ટા પણ ‘સત્ય’નો વિજય જ છે ને? સત્યમેવ જયતે...

### સત્યને દબાવનારનું હંમેશાં સત્યનાશ જ થાય

મનુષ્ય ગમે તેટલો બળવાન થાય, પરંતુ અને અસત્ય, અનૈતિકતા તથા આસુરીવૃત્તિ ધારણ કરીને સત્યને ગમે તેટલું દબાવો, પરંતુ સત્ય મજબૂત સ્પ્રીંગ જેવું હોય છે, જેને જેટલું દબાવી, તેટલું ઉછળતું હોય છે. સત્યને દબાવવા, સંસ્કારોને તોડવા-મરોડવા અને વિકૃતિઓને વ્યાપક બનાવવા ગમે તેટલા પ્રયાસો થાય, તો પણ તેનો અંજામ તો તેના માટે જ ખતરનાક પૂરવાર થતો હોય છે, અને સત્યને દબાવનારનું સત્યાનાશ જ નીકળતું હોય છે.

આપણે ઈતિહાસમાં જોયું જ છે કે મોટી મોટી અત્યાચારી સલ્તનતો ઉથલી ગઈ, તાનાશાહો તબાહ થઈ ગયા, ઘમંડીઓ બરબાદ થઈ ગયા, તો પણ તેઓની મનોવૃત્તિ બદલી નહોતી. જેની જેની આ પ્રકારની નેગેટીવ માનસિકતાઓ બદલી ગઈ, તેઓનો ઉદ્ધાર થઈ ગયો, અને જેઓ ન સુધર્યા તેઓનું નિકંદન નીકળી ગયું.

ટૂંકમાં સત્યનું આચરણ, સત્ય નિષ્ઠા અને સત્યવચનો જેવા શબ્દો હવે ઘણાંને હાસ્યાસ્પદ લાગે છે, અને તેઓ ખોટા પણ નથી, કારણ કે અત્યારે ખોટાની બોલબાલા છે, અને સત્યનો માર્ગ વધુ કઠીન બની ગયો છે.

આ કારણે હવે ‘સત્ય’ની વ્યાખ્યા પણ બદલવી પડે તેમ છે. ‘સત્ય’ એટલે કોઈને નુકસાન ન થાય, કોઈનું બુરૂ ન થાય તેવી રીતે વર્તવું, બોલવું અને આચરણ કરવું, તેવો આત્મિગમ... ખરૂ કે નહીં?

**વિનોદ કોટેચા**

**મન હોય તો માળવે જવાય**

## ૧૭ મે: વિશ્વ દૂરસંચાર દિવસ

દર વર્ષે ૧૭ મે ના દિવસે વિશ્વ દૂરસંચાર દિવસ મનાવાય છે. વર્ષ ૧૮૬૫ ની ૧૭ મી મે ના દિવસે આંતરરાષ્ટ્રીય દૂરસંચાર સંઘની સ્થાપના કરવામાં આવી હતી. એ પહેલા ૧૯૭૩ માં મેલેગા-ટોરીમો સિનોન્સમાં તેની ઘોષણા થઈ હતી. એક સંમેલન દરમિયાન આ દિશામાં વિચાર રજૂ થયો હતો તે પછી ૧૮૬૫ માં આ દિવસે ટેલિગ્રાફ સમજુતિ પર હસ્તાક્ષરો થયા હતાં.

આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય તે સમયે સંચાર વ્યવસ્થાઓનો વિસ્તાર વધારવાનો હતો, જે આજના યુગમાં ઈન્ટરનેટ અને અદ્યતન ટેકનોલોજી અંગે વિશ્વવ્યાપી જાગૃતિ વધારવાનો છે.

યુનોમાં વર્ષ ૨૦૦૬ માં એક પ્રસ્તાવ પસાર કરીને ૧૭ મી મે ના વિશ્વ સૂચના સમાજ દિવસ પણ ઉજવવાનું નક્કી થયું હતું, વર્લ્ડ ઈન્ફોર્મેશન સોસાયટીના માધ્યમથી આ દિવસની ઉજવણી થઈ રહી છે.

ગ્લોબલ વોર્મિંગ અને ગરીબી જેવી વૈશ્વિક સમસ્યાઓ સામે લડવા માટે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિકાસ લક્ષ્યોમાં ૭૦ ટકા સિદ્ધિ હાંસલ કરવાના માઈલસ્ટોન માટે આ ઉજવણી ઘણી જ મદદરૂપ થાય છે.

આ વર્ષે ૨૦૨૪ માં આ ઉજવણી અંતર્ગત ડિજિટલ ઈનોવેશનને સમાવીને સૌના વિકાસ માટે સૌના સહયોગથી નવી દિશાઓ ખોલવામાં આવી છે.

એક આંકડા મુજબ ઈન્ટરનેટ યુગમાં હજુ પણ વિશ્વના ૨.૬ અબજ લોકો સંચાર વ્યવસ્થાઓથી વંચિત છે. આવો, આપણે બધા સાથે મળીને ડિજિટલ ઈનોવેશન માટે વધુમાં વધુ પ્રયાસો કરીને વૈશ્વિક સમસ્યાઓને હળવા કરીને ક્રમશઃ ખતમ કરીએ, અને આપણી નવી પેઢીનું ભાવિ સુરક્ષિત કરીએ...

## ૧૬ મે: ડેન્ગ્યૂ વિરોધી દિવસ

ભારતમાં દર વર્ષે ૧૬ મે ના દિ ડેન્ગ્યૂ વિરોધી દિવસ અથવા ‘નેશનલ ડેન્ગ્યૂ ડે’ મનાવાય છે.

નેશનલ વેક્ટર બોર્ન ડિસિઝ કંટ્રોલ પ્રોગ્રામહેઠળ ડેન્ગ્યૂને અટકાવવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવે છે. ડેન્ગ્યૂ જીવલેણ રોગ છે, જે એડીસ મચ્છર કરડવાથી થાય છે. આ મચ્છરને એડીસ અલ્બોપ્રીકટસને ટાઈગર મોસ્કીટો તરીકે પણ ઓળખવામાં આવે છે.

ડેન્ગ્યૂ ગંભીર બીમારીઓમાં ગણાય છે. વિશ્વમાં દર વર્ષે લાખો લોકોના જીવ ડેન્ગ્યૂ થવાથી થાય છે. ડેન્ગ્યૂનો રોગચાળો મોટાભાગે વરસાદના કારણે ફેલાય છે. ચોમાસાનો પ્રારંભ થતા જ ડેન્ગ્યૂના કેસો નોંધાવા લાગતા હોય છે.

ડેન્ગ્યૂના મચ્છરો મોટાભાગે ચોમાસાના ચોખ્ખા પાણીમાં પેદા થાય છે. આ મચ્છરના લાર્વા પાણી મરેલા ખુલ્લા વાસણો કે ટાંકા-ટાંકીઓમાં ઉછરે છે. આ લાર્વા જુલાઈથી ઓક્ટોબર વચ્ચે વધુ પ્રમાણમાં જોવા મળતા હોય છે.

દર વર્ષે ચોમાસું શરૂ થતા પહેલા ૧૬ મી મે ના થતી આ ઉજવણી દરમિયાન ડેન્ગ્યૂના કારણો, ડેન્ગ્યૂના લક્ષણો, ડેન્ગ્યૂ અટકાવવાના ઉપાયો અને ઉપચાર અંગે લોકોને માહિતગાર કરવામાં આવે છે, અને વિવિધ માધ્યમોથી લોકોને જાગૃત કરવામાં આવે છે, જો કે હજુ આ અંગે વધુ લોકજાગૃતિની જરૂર છે.

ડેન્ગ્યૂ ઉપરાંત ચિકનગુનિયા અને યલો ફીવર જેવા રોગો માટે કારણભૂત એડીસ મચ્છરના શરીર પર ઉપંગોમાં વાઘ જેવા સફેદ પટ્ટા જોવા મળે છે. એવા આંકડાઓ સામે આવ્યા છે કે ડેન્ગ્યૂ મોટાભાગે એશિયા અને આફ્રિકા ઉપરાંત અમેરિકાના કેટલાક વિસ્તારોમાં પણ ફેલાય છે. દર વર્ષે અંદાજે ૪૦ કરોડને ચેપ લાગતા ૧૦ કરોડને આ ગંભીર રોગ થાય છે, અને અંદાજે ૪૦ હજાર લોકોને ડેન્ગ્યૂ ભરખી જાય છે.

### અસત્યની પરાભવ જ થાય

અસત્યનો પ્રભાવ ગમે તેટલો વધે, સત્યની આડે ગમે તેટલા આવરણો આવી જાય અને અસત્ય જ સારૂં લાગવા લાગે, પરંતુ અંતે તો અસત્યનો પરાજય જ થતો હોય છે, અને સત્યનું આચરણ કરનાર સામે હજારો વિપત્તિઓ આવે, તો પણ અડગ રહે, તો તેને અંતે જે ફળ મળે છે, તે અજ્ઞાનીઓ સાત જન્મેય મેળવી શકતા હોતા નથી. સત્યની કસોટી થાય, પણ અંતે તો સત્યનો જ વિજય થતો હોય છે, અને સત્યનો પરાજય જ હંમેશાં

## ‘માનવી જન્મ લે પછી જીવનમાં વળાંકો કેટલા અને કેવા આવે? બધી ઘટનાઓ ઈશ્વર આધીન લાગે’



સુધાકરના દીકરો આસુતોષ અને દીકરી આકાંક્ષા કેટલા સમયથી અસમંજસમાં હતા કે પપ્પા ગયા ક્યાં. આકાંક્ષાને એક વાતની ખબર જ નહોતી કે ભાઈ આસુતોષ પપ્પાને વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો હતો પણ જ્યારે આશુતોષે આકાંક્ષાને ફોન કર્યો કે દીદી પપ્પા ક્યાંક ચાલ્યા ગયા છે. ત્યારે આકાંક્ષાએ પૂછ્યું કે અચાનક ક્યાં ચાલ્યા જાય? તું ઘરમાં નહોતો? ભાભીએ કાંઈ કહ્યું? ત્યારે એ બોલ્યો કે પપ્પા ને તો હું વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો હતો દીદી તાડુકી કે પપ્પાને તું વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો? તો આસુતોષ કહે , ભૈણાં અમારે રોજ બોલાચાલી થતી હતી. એમાં એ કંટાળીને બોલ્યા કે હું વૃદ્ધાશ્રમ માં રહેવા જતો રહીશ સંદીપભાઈ મારા મિત્ર છે મને રાખશે. હું મૂકી આવ્યો . આ રોજ રોજ એમને અને માલતી ને બોલવાનું થાય અને મારે ઓફિસથી દોડતા ઘેર આવવું પડે. એના કરતા ત્યાં સારા. પણ મારા નિત્યક્રમ પ્રમાણે હું દર રવિવારે પપ્પા ને મળવા જતો એમ ગયો તો સંદીપ અંકલે કહ્યું કે તારા પપ્પા તો બે દિવસથી ક્યાંક ગયા છે. એ અહીં કહીને ગયેલા કે થોડા દિવસમાં આવીશ ને કદાચ ન પણ આવું. ખબર નહિ ક્યાં ગયા છે. (સંદીપ ભાઈને બધી ખબર હતી.) . દીદી પપ્પા ક્યાં ગયા હશે? " આકાંક્ષા આશુતોષને ઘેર જ આવી ગઈ પપ્પા ની ભાળ મેળવવા , ત્રણ ચાર દિવસ પછી સુધાકરના અંગત મિત્ર નયન ભાઈને આ ભાઈ બહેન પૂછવા ગયા તો એમણે કહ્યું એ તો બેંગલૂરુ ગયો છે. બેય ભાઈબહેન ચકરાવે ચડયા કે બેંગલોર કોને ત્યાં હોય , ત્યાં તો કોઈ છે પણ નહિ, ના મિત્ર કે ના કોઈ સગા . તપાસ કરતા કરતા ખબર પડી કે ત્યાં કોઈ પરિવાર ને ઘેર છે. એક બહેન પોતાના દીકરા વહુ સાથે રહે છે એમના ઘેર પપ્પા રહે છે એમની સાથે. આસુતોષ આકાંક્ષા વિચાર કરે કે ત્યાં તો કોઈ છે જ નહિ. આ છે કોણ? પપ્પા ને શું સંબંધ? એ લોકો વિચારે ત્યાં જવું કે નહિ? પણ સરનામું કોણ આપે? જેમણે માહિતી આપી એમની પાસે સરનામું તો હતું જ નહિ. આ બન્ને એ તપાસ શરુ કરી. આમાં વૃદ્ધાશ્રમના સંદીપ ભાઈ અને સુધાકરના મિત્ર બન્નેને ખબર હતી કે એ ક્યાં છે અને જેમને ત્યાં છે એ લોકો સાથે શું સંબંધ છે. પણ આ લોકો કહેવા નહોતા માંગતા. આકાંક્ષા અશુતોષ પર ગુસ્સે થઇ અને પછી એની પત્ની માલતીને કહ્યું કે આ બધુ તમારે કારણે થયું છે. તમે પડયા રહો હું અને રવિ જઈશું બેંગલોર અને શોધી કાઢશું.

સુધાકર ,સંદીપ ભાઈ , નયનભાઈ અને સુધા સાથે ભણતા હતા , સુધાકર ને - સુધા ને બહુ જ સારો મનમેળ હતો અને એ જ કોલેજમાં બીજી કન્યા હતી સુનયના એને સુધાકર બહુ ગમતો હતો. એ સુધાકર પાછળ પાગલ હતી.સુધાકરને પણ સુનયના ગમતી હતી. એ વાત સુનયના ના પિતાને ખબર પડી એટલે તાબડતોબ એક છોકરો શોધી સુનયનાને પરણાવી દીધી. અને એ પછી આ તરફ સુધાકર સુધાને મનમેળ સાથે હૃદયમેળ વધી ગયો એટલે પરિવારની વિરુદ્ધ લગ્ન કર્યા, સુધાકરના માતા-પિતાએ સુધાકર સુધાને ઘરમાં જ ન આવવા દીધા અને કાઢી મૂક્યા એટલું જ નહિ સંબંધ પણ કાપી નાખ્યો. વકીલને કહી જાહેરાત પણ આપી કે અમારે કોઈ સંબંધ નથી. સુધાકર સુધા અલગ રહેવા માંડ્યા, ઘણાં સમય થયા છતાં કોઈ સંતાન થ યું નહિ. એક વાર આ બંને એ નક્કી કર્યું કે ઈલાજ કરાવીએ નહિ તો આઇવીએફ સારવાર લઈએ . એ દરમ્યાન એક અનાથાશ્રમમાં ગયા હતા ત્યારે ત્યાં એ જ દિવસે કોઈ એ નવજાત શિશુને મૂકી ગયું હતું. એને એ જ દિવસે કાયદાકીય કાર્યવાહી કરી સુધાકર સુધાએ એને દત્તક લઇ લીધો અને નામ રાખ્યું સાંઇપ્રસાદ , સાંઇપ્રસાદ ધીરે ધીરે મોટો થવા માંડયો,એ એકદમ શાંત હતો, અભ્યાસમાં બહુ જ નિપુણ. એ લગભગ છ વર્ષનો થયો ત્યારે કોઈકે ભૂલમાં કહી દીધેલું એની હાજરીમાં જ કે આ દત્તક બાળક કોનું હશે? કેવું નીકળશે કોને ખબર? તમારું પોતાનું બાળક હોય તો એને લોહીના સબંધે લાગણી થાય, આ શું લાગણી રાખશે? સુધા સુધાકરને આ ના ગમ્યું પણ સાંઇપ્રસાદ સમજી ગયો. થોડા સમયમાં સુધાને સારા દિવસો રહ્યા અને દીકરી જન્મી નામ રાખ્યું આકાંક્ષા કારણ કે બન્નેને આકાંક્ષા હતી કે એક દીકરી હોય તો ગમે. એ પછી એક જ વર્ષમાં દીકરો જન્મ્યો નામ રાખ્યું આસુતોષ. એ બન્ને સમજણા થાય ત્યાં સુધીમાં તો સાંઇપ્રસાદ એસએસસી માં આવી ગયો અને એની ઈચ્છા હતી એટલે એને બેંગલોર પાસે કોઈ ગુરુકુળમાં મુક્યો. એનું નામ સૌને ફાવે એવું માત્ર પ્રસાદ રાખ્યું. બાકી કાયદાકીય કાગળોમાં તો સાંઇપ્રસાદ જ હતું.

સુધાકર સુધાએ પ્રસાદની કોઈ વાત એમના સંતાનો આકાંક્ષા આશુતોષને કરી નહોતી.કારણ કે પ્રસાદ જ કહેતો કે એમના માટે હું સગો ભાઈ નથી, એમને પરાણે ભાઈ કહેવું પડે એ નથી જોતું મને એ લોકોને કાંઈ કહેતા નહિ અને આબન્ને વાત કરવા માગતા પણ નહોતા. એ એટલો દૂર હતો કે નિયમિત મળવાનું ના થાય એટલે ત્રણ મહિને એક વાર સુધા એને મળવા જાય અને પછીને ત્રણ મહિને સુધાકર મળવા જાય અને દર રવિવારે એની સાથે વીડિયો કોલ પર વાત કરે. પ્રસાદ એટલો સમજુ ,નમ્ર વિવેકી હતો કે કહેતો ,માં બાપુજી તમે શુકામ ત્રણ મહિને વારાફરતી ધક્કા ખાવ છો.આપણે રવિવારે વાત તો કરીએ છીએ. એટલે સુધાકર કહેતો કે જો અમારા માટે તો તું જ અમારું પોતાનું પહેલું સંતાન છે, દત્તક નથી એટલે માં બાપ તરીકે અમે વહાલ આમ જ વરસાવશું. સુધા - સુધાકર ના બે સંતાનોમાં આસુતોષ બહુ વિચિત્ર હતો, ગમે તેમ બોલે, સુધાકર કહેતો સુધાને કે તેં જ ફટવ્યો છે, આ આપણું ઘડપણ ખરાબ કરશે. હવે વાત હાથ બહાર જવા માંડી હતી. સમય જતાં સુધાને જીવલેણ બીમારી થઇ. એનો ઈલાજ ચાલવા માંડ્યો. ત્યાં બેંગલોરમાં પ્રસાદ ને આ ખબર પડી. એ તો હવે બહુ જ મોટી પોસ્ટ પર હતો. પગાર પણ ઊંચો. એ સુધાકર ને કહેતો કે પપ્પા ખર્ચની ચિંતા નહિ કરતા, હું તમારા એકાઉન્ટમાં નાખતો રહીશ. સુધા સુધાકર ભાવુક થઇ જતા. જ્યારે એમનો સગો દીકરો લોકોને કહેતો કે મમ્મી હવે થોડાદિવસની મહેમાન છે. ડોકટરે કહી દીધુ છે. આના કરતા પ્રસાદ સારો. એ સતત ચિંતા કરતો , આ ઈલાજ વચ્ચે આકાંક્ષા ના લગ્ન પણ કર્યા ,એ પછી સુધા થોડી સારી થઇ એ દરમ્યાન આશુતોષના પણ લગ્ન કર્યા એ પછી પ્રસાદે કહ્યું કે મમ્મીને લઈને અહીં આવી જાવ અહીં સરસ હોસ્પિટલ અને નિષ્ણાત ડોકટર છે. સુધા સુધાકર ત્યાં ગયા એ દરમ્યાન પ્રસાદને ગમતી કન્યા સાથે મમ્મી પપ્પાની હાજરીમાં લગ્ન પણ થયા. ઈલાજ સરસ ચાલતો હતો પણ સુધા એક મહિનો જ રહી દીકરા સાઇપ્રસાદના ખોળામાં જીવ છોડયો પ્રસાદ ખુબ રડયો ,આકાંક્ષા આસુતોષ ને વાત કરી અગ્નિદાહ પણ ત્યાં જ અપાવ્યો. એ પછી પ્રસાદે કહ્યુકે પપ્પા તમે અહીં જ રહી જાવ ,હવે શું ત્યાં કરશો? સુધાકરે કહ્યું બેટા જવું પડે ,પછી અહીં જ આવીશ.એ ગયો પણ પત્ની સુધા વગર શું ફાવે? આસુતોષ અને એની પત્ની વિચિત્ર વર્તન જ કરતા એ પછી સંદીપ ભાઈના વૃદ્ધાશ્રમમાં અને ત્યાં સાંઇપ્રસાદ ને ખબર પડી એટલે અહીં આવી પપ્પાને બેંગલોર લઇ ગયો, કોઈને ખબર પણ ના પડી. સુધાકરને પ્રસાદ અને એની પત્ની તૃષા બહુ જ ધ્યાન રાખતા, સન્માન પણ બહુ જ આપે. એ દરમ્યાન એક સરસ ઘટના બની. સુધાકરની સઠપાઠી સુનયના ઘણા બધા પ્રયત્ન પછી જે અનાથ આશ્રમમાં બાળકને મૂકીને આવી હતી ત્યાં તપાસ કરી એ પછી એમના કોમન મિત્ર સંદીપ ભાઈ અને નયનભાઈ ની મદદથી બધી માહિતી મેળવી અને સરનામું મેળવી રવિવારની સવારે બેંગલોર સાંઇપ્રસાદને ઘેર આવી.

પ્રસાદની પત્ની તૃષાએ બારણું ખોલ્યું, સુનયનાએ નમસ્તે કર્યા અને તૃષાએ કહ્યું આવો, એ અંદર ગઈ અને સામે સુધાકરને જોઈ આંખો છલકાઈ ગઈ, સુધાકર બોલ્યો સુનયના અચાનક? તારી હાલત કેવી થઇ ગઇ છે? તારું લગ્નજીવન? "સુનયના કહે , એ તો પિતાજીએ જીદમાં તાબડતોબ લગ્ન કરાવ્યા ,એક વ ર્ષ પછી હું છૂટી થઇ એ મને જાનવરની જેમ મારતો હતો. ૧ વર્ષે મેં બાળકને જન્મ આપ્યો, હું એકલી રઝળતી બાળકને કેમ રાખું એટલે અનાથ આશ્રમમાં પારણામાં મૂકી આવી , ઘણા વર્ષ મહિલા ઉત્કર્ષ આશ્રમમાં રેહી.ત્યાં કામ રોજગાર મળતો હતો. વર્ષો પછી મને થયું કે મારો દીકરો ક્યાંક તો હશે જ, મેં ત્યાં તપાસ કરી તો ખબર પડી તમે લઇ ગયા હતા એ જ દિવસે. તમને ક્યાં શોધું? એટલે સંદીપભાઈ અને નયનભાઈને પૂછ્યું , એમણે બધી વાત કરી અને સરનામું આપ્યું , ફ્લાઈટની ટિકિટ કરી આપી અને પૈસા પણ આપ્યા પછી અહીં આવી. " આ સાંભળતા પ્રસાદ તૃષા અને સુધાકર બન્નેની આંખો ભીંજાઈ ગઈ. સુધાકરે કહ્યું બેસ સુનયના એ બેઠી અને એના ખોળામાં માથું મૂકી પ્રસાદમાં ઓલી સોવા માંડ્યો. પછી સ્વસ્થ થઇ બોલ્યો હવે તમારે ક્યાંય નથી જવાનું , એક માં ગઈ અને તમને ઈશ્વરે મોકલી આપ્યા. સુનયના બોલી હા બેટા હવે ક્યાંય નહિ , સુધાકરજી પણ હવે અહીં જ છે ને? કોલેજમાં મારી ઈચ્છા હતી એમની સાથે રહેવાની પણ એ જાણી પપ્પાએ મને કૂવામાં નાખી દીધી. પણ ઈશ્વરની લીલા જૂવો. તારા માં બાપ અમે સાથે ન રહેવા છતાં પણ કહેવાઈએ. પછી આકાંક્ષા આસુતોષ આવી ગયા એ લોકોને બધી માહિતી મળી સુધાકર ના ગયા. એ ભાઈ બહેનને ખબર પડી કે આ અમારા મોટાભાઈ છે, બન્નેએ ચરણસ્પર્શ કર્યા. આશીર્વાદ લીધા પ્રસાદે કહ્યું ફરી રજાઓ લઈ આનંદ કરવા આવજો. આ ઈશ્વરની લીલા નહિ તો શું?

**હરેશ ભટ્ટ**

**સંવેદના**

Samvedna@nobatsangat.com

## હવે પંચાત કરશું

ગુજરાતમાં સાવ પુરૂં અને મહારાષ્ટ્રમાં ત્રીજા ચરણનું મતદાન પૂરૂં થયું. હવે જામશે પંચાતના ઓટલા. સાંજે ૬ વાગે હજુ તો મતદાન પૂરૂં થયું ત્યાં પાનના ગલે કે ચાની ટકરી ઉપર તમને શબ્દો સાંભળવા મળે ''હું નહોતો કે તો ઓછું મતદાન થશે આપણું આજ સુધીમાં ક્યારેય ખોટું પડ્યું નથી''. અરે અડધા આંટાની મોટર, આધારકાર્ડના હુબહુ ફોટા જેવો લાગશ, તું બહુ મોટું નામ કમાઈશ તેવું તારા જન્મતા વેત તારી કુંડળી જોઈ અને પોપટ જ્યોતિષે કહ્યું હતું એ પણ ખોટો પડયો છે.

પહેલાના જમાનામાં જેને પંચાતિયા કહેવાતા તેને આધુનિક રાજકીય વિશ્વમાં રાજકીય વિશ્લેષક, પોલિટિકલ એનાલિસ્ટ વિગેરે જેવા ભારેખમ નામધારી શણગારવામાં આવે છે. આપણે તેને પૂછીએ કે ચાલો ઓછું મતદાન થયું તો કયા પક્ષને ફાયદો થશે તો તરત જ કહેશે કે હજુ વોર્ડ વાઈઝ મતદાનના આંકડા આવવા દો પછી હું તમને કહીશ કે કોણ કેટલી લીડથી જીતશે. આટલી વાત કરતા તો ઉધારમાં બે બીડી પી ગયો હોય.

અમૂક લોકોને તો ઘરની બહાર કાઢયા જેવા ન હોય ઉધારીને કારણે ઉકરડા સોસરવો શેરી ગલી બદલતો નીકળતો હોય પરંતુ ચૂંટણી ટાણે કોઈ પણ પક્ષના કાર્યાલયમ